ખાનપુર / સ્કીમ / શીવ બંગ્લોઝ / માસ્ટર

તારીખ : ૧૩-૧૨-૨૦૧૭

બુકિંગ એગ્રીમેન્ટ (બાનાખતનો કરાર)

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૩ (મેમનગર) સાબરમતી તાલુકાના મોજે - શેખપુર - ખાનપુર ગામની સીમનાં ટી.પી.સ્કીમ નંબર : ૩ / ૩ - ૪ ના ફાઈનલ પ્લોટ નંબર : ૧૯૬ / ૧ / ૧ ની જમીન ઉપર મહાદેવનગર કો - ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ આવેલ છે. તેમાં આવેલ સબ - પ્લોટ નંબર : ૧૪ ની ચો.મીટર : ૭૭૨ ની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે " **શીવ બંગ્લોઝ** " ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ મીલકત અંગે બાનાખતનો કરાર.

<u>અમો / વેચાણ આપનાર – લખી આપનાર – એકતરફવાળા</u> :–

⇨ શીવ ડેવલોપર્સ **PAN : ACRFS 4575 P**
એ નામની ભાગીદારી પેઢી જેનુ ઠેકાણું : ડી / ૨૦૪, માધવદીપ એપાર્ટમેન્ટ, કલા રેસીડેન્સી સામે, ટાઈમ્સ ઓફ ઈન્ડીયા પ્રેસ રોડ, સેટેલાઈટ, અમદાવાદના સરનામે આવેલ છે. તેના વતી અને તરફથી તેના વહિવટકર્તા ભાગીદાર :-
નિમેષ ઘનશ્યામસિંહ મોરી

જેમને હવે પછી આ બાનાખતના કરારમાં ''અમો'' અને અગર અમો ''વેચાણ આપનાર - લખી આપનાર - એકતરફવાળા'' એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીનો તથા ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા ભાગીદારોના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો તમામનો સમાવેશ થાય છે.

<u>તમો / લખાવી લેનાર – વેચાણ લેનાર – બીજીતરફવાળા</u> :–

⇨ .... **PAN : ....**

પુખ્તવયના, ધર્મે : હિન્દુ, રહેવાસી : ....
....

જેમને હવે પછી આ બાનાખતના કરારમાં ''તમો'' અને અગર તમો ''વેચાણ લેનાર - લખાવી લેનાર - બીજીતરફવાળા'' એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં તમો વેચાણ લેનારનો તથા તમો વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, સકશેસરો, સરવાઈવરો ઈત્યાદી સર્વેનો સમાવેશ થાય છે.

આ બુકિંગ એગ્રીમેન્ટ અંગેનો લેખ અમો લખી આપનાર - એકતરફવાળા અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા વચ્ચે નીચેની વિગતો અને શરતો મુજબ કરવામાં આવે છે.

(૧) જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૩ (મેમનગર) સાબરમતી તાલુકાના મોજે - શેખપુર - ખાનપુર ગામની સીમનાં ટી.પી.સ્કીમ નંબર : ૩ /

૩ - ૪ ના ફાઈનલ પ્લોટ નંબર : ૧૯૬ / ૧ / ૧ ની જમીન ઉપર મહાદેવનગર કો - ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ આવેલ છે. તેમાં આવેલ સબ - પ્લોટ નંબર : ૧૪ ની ચો.મીટર : ૭૭૨ ની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે " **શીવ બંગ્લોઝ** " ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ બંગલા નંબર : .... વાળી મીલકત કે જેનું સંપુર્ણ વર્ણન નીચે પરીશીષ્ટમાં આપવામાં આવેલ છે. જેને હવે પછી આ બાનાખતના કરારમાં ''સદરહુ મીલકત'' એ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૨) મોજે - શેખપુર - ખાનપુર ગામની ઉપરોકત જણાવેલ ફાઈનલ પ્લોટની જમીન તેના મૂળ માલીકો જોઈતારામ બાપુભાઈ પટેલની તથા અન્યોની પાસેથી વેચાણ રાખેલ. જે બાબતનો વેચાણ દસ્તાવેજ અમદાવાદના મે.સબ - રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તારીખ : ૧૩-૦૫-૧૯૫૨ ના રોજ અનુક્રમ નંબર : ૧૭૮૬ થી નોંધવામાં આવેલ. તેમજ મજકુર સમગ્ર જમીનને બિનખેતીની મંજુરી લાગતા વળગતા અધિકારી દ્વારા તેમના તારીખ : ૧૮-૦૨-૧૯૫૨ ના રોજના હુકમ નંબર : એલએનડીપી / ૩૬૩ થી આપેલ છે. તેમજ સદરહુ મીલકતમાં બાંધકામ કરવા અંગેના પ્લાન અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા તેમના તા.૦૭-૧૨-૧૯૯૩ ના રોજના કેસ નંબર : ૧૧૨૩ થી મંજુર કરવામાં આવેલ છે.

(૩) એ :- સદરહુ મહાદેવનગર કો - ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડમાં સબ - પ્લોટ નંબર : ૧૪ વાળી મીલકત મેળવવા માટે ભાઈલાલભાઈ નારણદાસ પટેલ સભાસદ તરીકે દાખલ થયેલા અને સોસાયટીના ધારા ધોરણ મુજબ સભ્ય ફી, શેરફાળો, જમીનફાળો, બાંધકામફાળો, વહીવટીફાળો વિગેરે તમામ રકમો જમા કરાવેલ. જેથી સદર સોસાયટીએ ભાઈલાલભાઈ નારણદાસ પટેલને સભ્ય તરીકે સ્વીકારીને શેર એલોટ કરેલ તેમજ સદરહુ મીલકત ફાળવી આપીને ભાઈલાલભાઈ નારણદાસ પટેલના કબજે સોંપેલ. તેમજ રૂા.૫૦-૦૦ ની કિંમતના દરેક શેર નંગ-૧૦, શેર સર્ટીફીકેટ નંબર : ૧૦૧ થી ૧૧૦, કુલ રૂા.૫૦૦-૦૦ ની કિંમતના શેર ફાળવી આપેલ.

બી :- ત્યારબાદ ભાઈલાલભાઈ નારણદાસ પટેલની પાસેથી સદરહુ મીલકત નિર્મલાબેન છગનલાલ ક્ષત્રિયએ વેચાણ રાખેલ. તે વખતે સહકારી મંડળીઓની તબદીલી માટે વેચાણ દસ્તાવેજ કરાવવો ફરજીયાત ન હોવાથી ભાઈલાલભાઈ નારણદાસ પટેલનું રાજીનામું તથા નિર્મલાબેન છગનલાલ ક્ષત્રિયની સભ્ય તરીકે દાખલ થવાની અરજીના આધારે સોસાયટીની તારીખ :

૦૮-૦૩-૧૯૬૭ ના રોજ મળેલ મીટીંગમાં તબદીલી નંબર : એ / ૩ થી સદરહુ મીલકત નિર્મલાબેન છગનલાલ ક્ષત્રિયના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ.

સી :- ત્યારબાદ નિર્મલાબેન છગનલાલ ક્ષત્રિયએ તેમની મીલકતો અંગે એક વિલ યાને વસિયતનામું કરેલ. જે વિલ યાને વસિયતનામાંનો અમલ જારી રાખીને તેઓ તા.૨૪-૦૯-૨૦૦૭ ના રોજ અવસાન પામેલા અને તેઓ અવસાન પામ્યા તે અગાઉ તેઓએ કરેલ વિલની રૂઇએ સદરહુ મીલકત ઘનશ્યામભાઇ જેઠાલાલ સોનેજીના હિસ્સે આપવામાં આવેલ. જે અંગેનો ઠરાવ સોસાયટીની તારીખ : ૦૪-૧૧-૨૦૦૭ ના રોજ મળેલ મીટીંગમાં ઠરાવ નંબર : ૨ થી કરવામાં આવેલ.

ડી :- ત્યારબાદ ઘનશ્યામભાઇ જેઠાલાલ સોનેજીની પાસેથી સદરહુ મીલકત અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ. જે બાબતનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ - ૩ (મેમનગર) ના મે.સબ - રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તારીખ : ૨૨-૦૧-૨૦૧૫ ના રોજ અનુક્રમ નંબર : ૪૧૬ થી નોંધવામાં આવેલ. જે વેચાણ દસ્તાવેજમાં ભાસ્કરભાઇ ઘનશ્યામભાઇ સોનેજી, મુકેશભાઇ ઘનશ્યામભાઇ સોનેજી, મનોજભાઇ ઘનશ્યામભાઇ સોનેજી તથા શૈલેષભાઇ ઘનશ્યામભાઇ સોનેજી કન્ફર્મેશન આપનાર પક્ષકાર તરીકે સામેલ રહેલ. એ રીતે સદર સબ - પ્લોટ નંબર : ૧૪ વાળી મીલકતના અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢી માલિક, કબજેદાર, ભોગવટેદાર થયેલા છીએ.

(૪) સદરહુ સબ - પ્લોટ નંબર : ૧૪ વાળી જમીન ઉપર બાંધકામ કરવા અંગેના પ્લાન અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા તેમના તારીખ : ૨૭-૦૭-૨૦૧૫ ના રોજના કેસ નંબર : BLNTR / WZ / 210515 / GDR / A4381 / R0 / M1 તથા રજાચીઠ્ઠી નંબર : 4227 / 210515 / A4381 / R0 / M1 થી પાસ કરવામાં આવેલ છે. જે મંજુર થયેલા પ્લાન મુજબ રહેઠાણના મકાનોનું બાંધકામ કરવામાં આવનાર છે, જેનું નામ “ શીવ બંગ્લોઝ ” રાખવામાં આવેલ છે. સદરહુ સમગ્ર જમીન બિનખેતીની અને બાંધકામ યોગ્ય બનેલ તેમજ સદર સ્કીમમાં મંજુર થયેલ પ્લાન અને લાગુ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ નિયમાનુસાર / નાગરીક આધાર રૂપ જરૂરીયાત મુજબ પાણી, ગટર અને વિજળી સહિતની લખી આપનારે નક્કી કરેલ અને જણાવ્યા મુજબ જરૂરી સુવિધાઓયુકત બાંધકામ કરવા / કરાવવાની યોજના અમલમાં મુકેલ છે.

(૫) સદરહુ મીલકત ઉપર કોઇ સંસ્થા, બેંક, પેઢી, શ્રોફ, વ્યકિતઓ, સરકારશ્રીનો કે ગ્રામ પંચાયત કે સ્થાનિક સંસ્થાઓનો વિગેરે કોઇનો બોજો કે કોઇ લોન નથી કે કોઇના જામીનમાં નથી. તેમજ કોઇ કોર્ટ કચેરી કે ઓફિસોમાં કોઇપણ જાતના કેસો કે પ્રોસેડિંગ્સ ચાલતા નથી કે કોઇ હુકમનામું થયેલ નથી. તેમજ તેના ઉપર કોઇનો ભરણ પોષણનો કે અન્ય કોઇ હક્ક પોષાતો નથી તેમજ કોઇને કોઇપણ પ્રકારના લખાણોથી લખી આપેલ નથી. કોઇને કબજો સોપેલ નથી. તેવી તમામ પ્રકારના રાઇટ ટાઇટલ્સ ચોખ્ખા અને મોર્કેટેબલ હોવા અંગેની તમામ ખાતરીઓ અમો આપીએ છીએ. જે અંગેનું ટાઇટલ સર્ટીફીકેટ એડવોકેટશ્રી .... એ તારીખ : .... ના રોજ આપવામાં આવ્યુ છે.

(૬) સદરહુ સમગ્ર જમીન ઉપર જે રહેણાંકના બંગલાનું બાંધકામ કરવામાં આવેલ છે. તે બાંધકામવાળી મીલકત " શીવ બંગ્લોઝ " એ નામથી ઓળખાશે અને સદરહુ નામમાં ફેરફાર કરવાનો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને કોઇ હક્ક કે અધિકાર નથી.

(૭) સદરહુ જમીનમાં મંજુર થયેલા પ્લાન તથા રજાચીઢ્ઢી મુજબ બંગલાના બાંધકામની યોજના નિયમ બધ્ધ અમો વેચાણ આપનાર - એકતરફવાળા શીવ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી દ્વારા મુકવામાં આવેલ છે અને સદર જમીન અમો લખી આપનાર - એકતરફવાળાની માલિકી, કબજા, ભોગવટાની મીલકત આવેલ છે.

(૮) સદરહુ સમગ્ર જમીન ઉપર મુકવામાં આવેલ " શીવ બંગ્લોઝ " નામની યોજનામાં પરિશિષ્ટમાં દર્શાવેલ મીલકત તેમાં દર્શાવ્યા મુજબના હક્કો તથા હિતો સહિતની મીલકત ઉચ્ચક અઘાટ વેચાણ કિંમત રૂા.................... અંકે રૂપીયા .... પુરા માટે વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જે કિંમતમાં પરિશિષ્ટમાં દર્શાવેલ તમામ બાંધકામની કિંમતનો સમાવેશ થઇ જાય છે.

(૯) સદરહુ મીલકત અમો લખી આપનાર - એકતરફવાળાએ તમો વેચાણ લેનારને ઉપર દર્શાવ્યા મુજબ અઘાટ વેચાણ કરવાનું નક્કી કરેલ છે. તે પૈકી નીચે મુજબની વિગતે તમો વેચાણ લેનારે બાનાપેટેની રકમ ચુકવી આપેલ છે.

રૂા.

રૂા.

રૂા.................. અંકે રૂપીયા .... પુરા.

એ રીતે ઉપર મુજબની વિગતે અમો લખી આપનાર - એકતરફવાળાને તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ આજ અગાઉ ચુકવેલ છે, જ્યારે બાકી રહેતી અવેજની રકમ નીચે મુજબના હપ્તા અને ટકાવારી પ્રમાણે ચુકવવાનું તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ માન્ય અને કબુલ રાખેલ છે.

હપ્તો	બાંધકામનું સ્ટેજ	ટકાવારી
પહેલો		
બીજો		
ત્રીજો		
ચોથો		

વેચાણ લેનારને સદરહુ મીલકતનું બુકિંગ રદ કરવાનો અધિકાર છે. પરંતુ વેચાણ લેનારે જયારે વેચાણ આપનારની કસુર વગર સદરહુ મીલકતનું બુકિંગ રદ કરાવે તો વેચાણ લેનારએ મજકુર મીલકતની ચુકવેલ રકમમાંથી મજકુર મીલકતની કુલ કિંમતના બાનાની વેચાણ આપનાર તથા વેચાણ લેનાર વચ્ચે નક્કી થયેલ ૯.૫૦ % રકમ બાદ કરી બાકીની રકમ વેચાણ આપનારે વેચાણ લેનારને બુકિંગ કેન્સલ કરાવ્યા તારીખથી ૪૫ (પીસ્તાલીસ) દિવસમાં વગર વ્યાજે પરત આપવાની રહેશે.

(૧૦) સદર મીલકતની ઉપરોકત નક્કી કરેલ હપ્તા અને તારીખ પ્રમાણે અવેજની રકમ ચુકવવામાં વિલંબ થાય તો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને અમો લખી આપનાર - એકતરફવાળા રજીસ્ટર્ડ પોસ્ટ થી કે ઇ - મેઇલથી બાકી રકમ

ચુકવવાની નોટીસ આપીશુ અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ આપેલ નોટીસનો યોગ્ય જવાબ કે બાકી રહેતી રકમ ૧૫ દિવસની મુદતની અંદર ચુકવવામાં કસુર કે વિલંબ કરશો તો તમો એલોટી સભ્યએ ત્યારબાદ બાકી રહેતી અવેજની રકમ ઉપર ૧ાા (દોઢ) ટકા લેખે માસિક વ્યાજ ચુકવવાનું રહેશે. તે શરત તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ કબુલ અને માન્ય રાખેલ છે.

(૧૧) સદર મીલકતનું વપરાશ અંગેનું સર્ટીફીકેટ લાગુ ઓથોરીટી પાસેથી આશરે તારીખ : .... સુધીમાં આવશે અને સદર મીલકતનું વપરાશ અંગેનું સર્ટીફીકેટ આવે તેની જાણ અમો લખી આપનાર - એકતરફવાળાએ તમો લખાવી લેનાર - બીજીતરફળવાળાને ૭ દિવસમાં કરવાની રહેશે. પરંતુ જો કુદરતી આફત, આગ, ધરતી કંપ કે અન્ય કોઇ કુદરતી કે માનવસર્જીત સંજોગોમાં કે સરકાર દ્વારા કાયદાકીય કલમોમાં ફેરફાર થવાથી પઝેશન આપવામાં વિલંબ થાય તો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ માન્ય અને કબુલ રાખવાનું રહેશે અને તે અંગે કોઈપણ પ્રકારની તકરાર કરવા / કરાવવાની નથી.

(૧૨) સદર મીલકતનું પઝેશન અમો લખી આપનાર - એકતરફવાળાએ તમો લખાવી લેનાર - બીજીતરફવાળાને આશરે તારીખ : .... સુધીમાં આપવામાં આવશે. પરંતુ સદર મીલકતનું વપરાશ અંગેનું સર્ટીફીકેટ આવવામાં વિલંબ થાય તો પઝેશન આપવાની મુદતમાં આપોઆપ વધારો થશે જે તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ કબુલ અને માન્ય રાખવાનો છે અને રહેશે.

(૧૩) સદર મીલકત નક્કી કરેલ મુદતમાં પઝેશન આપવામાં ઉપરોકત જણાવેલ કારણ સિવાય અમો લખી આપનાર - એકતરફવાળાને લીધે પઝેશન આપવામાં વિલંબ થાય તો તમો લખાવી લેનાર - બીજીતરફવાળાએ ચુકવેલ અવેજની રકમ ઉપર ૧ાા (દોઢ) ટકા લેખે માસિક વ્યાજ અમો લખી આપનાર - એકતરફવાળાએ ચુકવવાનું રહેશે.

(૧૪) અમો લખી આપનાર - એકતરફવાળા અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા બંને સાથે મળીને એકબીજાની પરસ્પર સમજુતીથી આ બુકિંગ એગ્રીમેન્ટની શરતમાં ફેરફાર કરી શકશે.

(૧૫) અમો લખી આપનાર - એકતરફવાળાએ “ શીવ બંગ્લોઝ ” નામની સ્કીમની જમીન ઉપર અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ

કરવાનું છે અને તે મંજુર થયેલ પ્લાનમાં ફેરફાર કરવાનો થાય તો અમો લખી આપનાર - એકતરફવાળા અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા સાથે મળીને એકબીજાની પરસ્પર સમજુતીથી બાંધકામમાં સુધારો વધારો કરી શકશે. પરંતુ અમો લખી આપનાર - એકતરફવાળા દ્વારા આયોજીત સદર સ્કીમના સ્પેશીફીકેશન અને પ્લાન કે બિલ્ડીંગના બાંધકામ બાબતે કોઈપણ પ્રકારના સુધારા વધારાઓ નિયમોનુસાર કરવા કરાવવાની જરૂરીયાત ઉદભવે તેમાં તમો લખાવી લેનાર - બીજીતરફવાળાની મુકત અને કાયમી સંમતી છે અને રહેશે.

(૧૬) સદરહુ ફાળવેલ / વેચાણ આપેલ મીલકતને લઈને અમો લખી આપનાર - એકતરફવાળા અને તમો લખાવી લેનાર - બીજીતરફવાળા વચ્ચે કોઈપણ પ્રકારનો વિવાદ કે તકરાર ઉપસ્થિત થાય તો બંને એકબીજા સાથે મળીને પરસ્પર સમજુતીથી ઉપસ્થિત થયેલ વિવાદ કે તકરારનો ઉકેલ લાવવાનો રહેશે. તેમ છતાં તે વિવાદ કે તકરારનો ઉકેલ ન આવે તો રેરા એકટ - ૨૦૧૬ ની ઓથોરીટીના નિતી નિયમો મુજબ ઉકેલ લાવવાનો રહેશે.

(૧૭) સદરહુ મીલકત વેચાણ લેનાર અન્ય કોઇ વ્યકિતને બારોબાર આ કરારના આધારે વેચાણ કે તબદીલ કરી શકશે નહિ અને જો આવુ કોઈપણ કૃત્ય કરે તો આ કરાર આપો આપ રદ થયેલ ગણાશે તથા વેચાણ લેનારને ચુકવેલ નાણાં પૈકી મજકુર મીલકતની કુલ કિંમતના બાનાપેટે ચુકવેલ ૯.૫૦ % રકમ કાપી બાકી જો કોઈ રકમ વધે તો વેચાણ આપનાર વેચાણ લેનારને પરત કરશે અને આ અંગેનો વેચાણ આપનારનો નિર્ણય કાયમ રહેશે. જે બાબતે વેચાણ લેનાર કોઈપણ વાંધો કે તકરાર કરવા હક્કદાર નથી તથા સદરહુ મીલકત અન્ય કોઇ વ્યકિતને વેચાણ કરવા પણ હકકદાર નથી.

(૧૮) રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ - ૨૦૧૬ (રેરા) ની કલમ - ૧૪ (૩) ની જોગવાઈઓ અનુસાર પોતાની ફરજ અદા કરવા માટે ડેવલોપર્સ બંધાયેલા છે.

(૧૯) સદર યોજનાના બ્રોસરમાં દર્શાવેલ ફર્નીચર તથા ભૌતિક સુવિધાઓ ફકત વેચાણ લેનારને સમજવા માટે દર્શાવવામાં આવેલ છે. જે સુવિધાઓ વેચાણ થતી નથી કે વેચાણ લેનારને આપવામાં આવતી નથી.

(૨૦) સદરહુ મીલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવા અંગેના તમામ ખર્ચા જેવા કે

સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વકિલ ફી, પરચુરણ ખર્ચા, એકસ્ટ્રા વર્ક, કોમન વહિવટી ખર્ચ, મેઇન્ટેનન્સ ડિપોઝીટ તેમજ હાલના તથા વખતો વખતના લાગુ પડતા સરકારી, અર્ધસરકારી ટેક્ષ, જી.એસ.ટી. વિગેરે વેચાણ લેનારે સદરહુ મીલકતની ઉચ્ચક વેચાણ કિંમત ઉપરાંત અલગથી ભોગવવાના છે.

-: પરિશિષ્ટ :-

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૩ (મેમનગર) સાબરમતી તાલુકાના મોજે - શેખપુર - ખાનપુર ગામની સીમનાં ટી.પી.સ્કીમ નંબર : ૩ / ૩ - ૪ ના ફાઇનલ પ્લોટ નંબર : ૧૯૬ / ૧ / ૧ ની જમીન ઉપર મહાદેવનગર કો - ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ આવેલ છે. તેમાં આવેલ સબ - પ્લોટ નંબર : ૧૪ ની ચો.મીટર : ૭૭૨ ની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે " **શીવ બંગ્લોઝ** " ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ ....

એ :- બંગલા નંબર : ....
બી :- ચો.મીટર : .... નેટ પ્લોટની જમીન
સી :- કુલ ચો.મીટર : .... ની જમીન
ડી :- ચો.મીટર : .... ગ્રાઉન્ડ ફલોર
ઈ :- ચો.મીટર : .... ફર્સ્ટ ફલોર
એફ :- કુલ ચો.મીટર : .... ના કાર્પેટ બાંધકામવાળી મીલકત
જી :- ચો.મીટર : .... બાલ્કની
એચ :- ચો.મીટર : .... વરંડા
આઈ :- ચો.મીટર : .... સેકન્ડ ફલોરનું ટેરેસ

એ રીતેની ઉપર મુજબની મીલકત.

" શીવ બંગ્લોઝ "ના ખુંટચારની વિગત :-

પૂર્વે :- નાયકનગર સોસાયટી
પશ્ચિમે :- આંતરિક રોડ
ઉત્તરે :- બંગલા નંબર : ૧૩
દક્ષીણે :- બંગલા નંબર : ૧૫

વેચાણ આપવાનું નક્કી કરેલ મીલકતના ખુંટચારની વિગત :-

પૂર્વે :-
પશ્ચિમે :-
ઉત્તરે :-
દક્ષિણે :-

એ રીતેનો ઉપર મુજબનો આ બાનાખતનો કરાર અમો વેચાણ આપનારે તથા તમો વેચાણ લેનારે રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી વાંચી, સમજી, વિચારીને કોઈના કોઈપણ જાતના દાબ દબાણ વગર, બિનિકેફે, તંદુરસ્ત સ્થિતિમાં કરેલ છે, જે અમો વેચાણ આપનારને તથા અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો તેમજ ભાગીદારોના વંશ,વાલી, વારસો, સક્સેશરો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો તેમજ તમો લખાવી લેનારને તથા તમો લખાવી લેનારના વંશ,વાલી, વારસો, સક્સેશરો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે, અમદાવાદ મધ્યે આજ તારીખ : - -૨૦૧૮ ના દિને.

(અમો / વેચાણ આપનાર – લખી આપનાર – એકતરફવાળા)

⇨ શીવ ડેવલોપર્સ
એ નામની ભાગીદારી પેઢી
ના વતી અને તરફથી તેના
વહિવટકર્તા ભાગીદાર :-
નિમેષ ઘનશ્યામસિંહ મોરી ______________________

ઓળખાણ આપનાર / સાક્ષીઓની સહિ :-

૧ ______________________

૨ ______________________